


## (A - 23)
## વચનામૃત વાંચો
## માતના

વચનામૃત વાંચો માતના,
અનુભવ છે આતમ જ્ઞાનના......વચનામૃત...

વચને વચને વીતરાગતા,
પગલે પગલે પવિત્રતા
ભક્તોને લાવ્યા ભાનમાં.....વચનામૃત...

એનું બચપણ તો વીતરાગ હતું,
તેનું જીવન પણ વૈરાગ્ય ભર્યું,
દિન-રાત રહે છે ધ્યાનમાં....વચનામૃત...

અમૃતાચાર્યે અમૃત રેડ્યા
જે સમજ્યા જન્મ-મરણ છેદ્યા
માતાએ કીધું કાનમાં....વચનામૃત...

પ્રવચનમાં રત્ન નિધાન છે,
શબ્દોમાં પણ સિદ્ધાંત છે
શુદ્ધ નય સમજાવ્યા શાનમાં....વચનામૃત...

માતા વિદેહથી આવ્યા છે
સીમંધર વાણી લાવ્યા છે
રત્નત્રય આપ્યા દાનમાં....વચનામૃત....

અક્ષર કિંમત અંકાય નહી,
માતા ગણધર પંકાય અહીં
વસવાના શિવપુરધામમાં....વચનામૃત...